# નવસારી કૃષિ યુનિવર્સિટી,
# નવસારી.

શ્રી ડી.ટી.ચૌધરી,
હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી,

ફેકસ ડાયરેકટ (૦૨૬૩૭) ૨૮૨૭૬૫
ડાયરેકટ (૦૨૬૩૭) ૨૮૨૭૬૫
ફોન પીબીએક્ષ ૨૮૨૭૭૧ થી ૭૫ એક્ષ.૪૦૭
®ડાયરેકટ (૦૨૬૩૭) ૨૮૨૭૩૬
મોબાઈલ ૯૮૨૫૦૪૩૭૫૮
ઈ–મેઈલ comptnau08.@yahoo.com

જા.નં. નકૃયુ/કોમ્પ્ટ/બજેટ/૮૬૧૩-૧૪/૨૦૧૩

તા. ૩૦/૦૮/૨૦૧૩

પ્રતિ,
મેનેજરશ્રી,
સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા
વઘઈ/વણારસી/પરિયા/ગણદેવી/સુરત/વ્યારા/બારડોલી/
ડેડીયાપાડા/ભરૂચ/હાંસોટ/માંગરોળ/તણછા/અછાલીયા

વિષય : કચેરીના લેવડ દેવડ માટે નવા ખાતા ખોલી આપવા બાબત........

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રમાં આવતી જુદા જુદા જિલ્લાની કચેરીઓને નવા બચત ખાતા ખોલાવવા માટે અત્રેની કચેરીએથી જરૂરી મંજુરી આપેલ છે. જેની નકલ આપશ્રીને પણ આપવામાં આવેલ છે.

આ સાથે સામેલ રાખેલ પરિપત્રની વિગતે નવસારી કૃષિ યુનિવર્સિટી કેમ્પસની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના બ્રાન્ચ મેનેજરશ્રીએ કેમ્પસ ખાતેની તમામ કચેરીઓના નવા બેન્ક ખાતા કેવાયસી ના આધાર તરીકે વડી કચેરીનો ઓથોરીટી લેટર અને જેતે અધિકારીને યુનિવર્સિટી તરફથી ઈસ્યુ કરેલ આઈ–કાર્ડની નકલને કેવાયસીના આધાર તરીકે માન્ય રાખી નવા ખાતા ખોલી આપેલ છે, તો તે મુજબ આપના જિલ્લામાં કાર્યરત આ યુનિવર્સિટીની કચેરીઓને નવા ખાતા ખોલી આપવા વિનંતી છે.

સામેલ : ઉપર મુજબ પરિપત્રની
નકલ

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

**નકલ રવાના :** આ યુનિવર્સિટીની કેમ્પસ બહારની તમામ કચેરીના વડાશ્રી તરફ ઉપરોકત વિગતે અમલ કરવા વિનંતી.
અત્રેની કચેરીના ઈઆરપી શાખા તરફ....... ઓનલાઈન કરવા સારૂ..

વંચાણે લીધો : અત્રેની કચેરીના તા. ૧૦/૦૭/૨૦૧૩ નાં પરિપત્ર ક્રમાંક નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૭૦૯૦/૨૦૧૩

# પરિપત્ર

વિષય : <u>નવા બેન્ક એકાઉન્ટ ખોલવા બાબત.....</u>

ઉપરોકત વંચાણે લીધા પરિપત્રથી આ યુનિવર્સિટીની દરેક કચેરીનાં ઉપાડ અને ચુકવણા અધિકારીઓને તેમની કચેરીના નાંણાકિય વ્યવહારો માટે નવા બેન્ક ખાતા ખોલાવવા સૂચના આપવામાં આવેલ હતી, જે મુજબ ઘણી ખરી કચેરીઓએ નવા ખાતા ખોલાવી લીધેલ છે.

આજરોજ તારીખ ૨૭/૦૮/૨૦૧૩ ના સાજે ૧૬.૦૦ કલાકે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, નકૃયુ બ્રાન્ચ ના મેનેજરશ્રી સાથે મીટીંગ કરતાં, તેમના જણાવ્યા મુજબ નવા બેન્ક એકાઉન્ટ ખોલવા માટે જે તે ઉપાડ અને ચુકવણાં અધિકારીઓના પાનકાર્ડ / ચુંટણી કાર્ડની જરૂર નથી, ફકત કેવાયસી ના નિયમ હેઠળ જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીઓને યુનિવર્સિટી તરફથી ઈસ્યુ કરેલ આઈ–કાર્ડની ઝેરોક્ષ કોપી તથા ઓથોરીટી લેટર રજુ કરવાથી નવા ખાતા ખોલી આપવામાં આવશે તેવું જણાવેલ છે.

જે કચેરીઓએ હજુ સુધી બેન્ક ખાતા ખોલાવેલ નથી, તેઓને ઉપર મુજબ કાર્યવાહી કરી તાત્કાલીક ખાતા ખોલાવી લેવા સૂચના આપવામાં આવે છે, તેમજ જે કચેરીઓએ અગાઉ ખાતા ખોલાવી લીધા છે અને કેવાયસી તરીકે પાનકાર્ડ કે ઈલેકશન કાર્ડ રજુ કરેલ હોય તો તે પરત મેળવી યુનિવર્સિટી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ આઈ–કાર્ડની કોપી બેન્કમાં રજુ કરી આપવા જણાવવામાં આવે છે.

ઉપરોકત પરિપત્ર યુનિવર્સિટીના હિતમાં માનનીય કુલપતિશ્રીની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકુયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/૮૨૮૭–૮૩૪૦ /૨૦૧૩
તારીખ : ૨૭/૦૮/૨૦૧૩

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

**<u>નકલ સવિનય રવાના</u> :**

૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.
૨) યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલવારી થવા સારૂ.

**<u>નકલ રવાના</u> :**

૧) અત્રેની કચેરીના ERP શાખા તરફ ઓનલાઈન કરવા સારૂ.